# સત્સંગ સમાચાર

## માથાસૂરિયા મંદિરનો આઠમો પાટોત્સવ

વર્ષ ૨૦૧૭ની શ્રી હરિજયંતીના મહામંગલકારી દિને ભવ્ય ઉત્સવ સાથે માથાસૂરિયા ગામે મંદિરજીમાં સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરી, તે મૂર્તિઓનો ૮મો પાટોત્સવ સદ્‌ગુરુ સાધુ પૂ. અરુણદાદા અને સંતોની દિવ્ય સન્નિધિમાં ૧૫ એપ્રિલના રોજ ભક્તિભાવે ઉજવાયો. આ પ્રસંગે બ્રહ્મજ્યોતિ, મોગરીથી સાધુ પૂ. પંકજદાસજી અને માણાવદરથી સાધુ પૂ. અશોકદાસજીએ પધારી દિવ્ય પાટોત્સવ પૂજા કરાવી, જેમાં સ્થાનિક ભક્તોએ યજમાનપદે બિરાજી પાટોત્સવ પૂજનવિધિમાં સંમિલિત થઈ સુંદર લાભ લીધો અને ભેગા મળીને ખૂબ સેવાઓ કરી આનંદ માણ્યો સાધુ પૂ. પંકજદાસજીએ કથાવાર્તા અને સમાગમનું સુંદર સુખ આપ્યું. સદ્‌ગુરુ સાધુ પૂ. અરુણદાદાએ આશીર્વાદ પ્રદાન કરી સૌની સેવાને બિરદાવી. ત્યારબાદ સંતોએ સાત દિવસના સૌરાષ્ટ્ર પ્રદેશના વિચરણમાં પધારી ભક્તોને સત્સંગનું અલૌકિક સુખ પ્રદાન કર્યું. ◆

## અમદાવાદમાં સંતભગવંત સાહેબજી પ્રાગટ્ય ઉત્સવ

અનુપમ મિશન, અમદાવાદ સત્સંગપ્રદેશ દ્વારા સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્યોત્સવની ભવ્ય ઉજવણી ૨૦ એપ્રિલ ૨૦૨૫, રવિવારના રોજ સાંજે ચંચળ પાર્ટી પ્લૉટ-વાસણા ખાતે કરવામાં આવી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા તથા બ્રહ્મજ્યોતિથી પધારેલા સંતો ઉપરાંત વિવિધ મંડળોમાંથી પધારેલા ભક્તો અને મહાનુભાવોનાં દિવ્ય સાંનિધ્યે ભવ્ય સત્સંગસભા અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે અક્ષરમુક્ત પંકજભાઈ પટેલ (ચંચળ પાર્ટી પ્લૉટ), શ્રી શૈલેશભાઈ પરમાર (ગુજરાત વિધાનસભાના ડેપ્યુટી લીડર, ધારાસભ્યશ્રી, દાણીલીમડા-અમદાવાદ) અને શ્રી બળદેવભાઈ લુણી (ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રીશ્રી), શ્રી બિમલભાઈ શાહ (પૂર્વ મિનિસ્ટરશ્રી), અનુપમ મિશનના અગ્રણીઓ નરસીદાદા, શંકરકાકા (વડોદરા), ડૉ. પાર્થિવભાઈ મહેતા આદિ મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળમંડળ અને યુવક મંડળે બોધપ્રધાન નાટક અને યુવતી મંડળ દ્વારા ભાવનૃત્ય રજૂ થયાં. બાળમંડળે નાટકમાં 'બાળસભા દ્વારા જીવનઘડતર' અને યુવક મંડળે 'ગુરુઆજ્ઞાનું પાલન એ જ સાચું ગુરુદર્શન' અને 'સંયમ સહિતનું સોશિયલ મીડિયા'ની ખૂબ મનોરંજક અને હૃદયસ્પર્શી રજૂઆત કરી.

પંકજભાઈ પટેલે ખૂબ મહિમાથી તેમના ચંચળ પાર્ટી પ્લૉટ ખાતે સઘળાં આયોજન કરવામાં ખૂબ ઉત્સાહપૂર્વક રસ લીધો, તેઓનું વિશેષ



સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ પૂ. અશ્વિનદાદાએ સંતભગવંત સાહેબદાદાના અપરંપાર મહિમાનું દર્શન કરાવી સૌને આશીર્વાદ આપ્યા. અમદાવાદના સ્થાનિક ભક્તો તથા સાઠંબા, દહેગામ, વલ્લભવિદ્યાનગર, વડોદરા, વેમાર અને સુરતથી લગભગ ૭૦૦થી વધુ ભક્તો પધાર્યા અને સત્સંગસભા, સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહાપ્રસાદનો લાભ લીધો. ◆






ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે સંતભગવંત સાહેબજીના ૮૬મા પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે યુવાનો-યુવતીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રૂપી ભક્તિ અર્પણ

## ઉપાસના ધામ, ખારઘર મંદિરની મૂર્તિઓનો ૧૮મો પાટોત્સવ

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી નિર્મિત નવી મુંબઈ-ખારઘરના ઉપાસના ધામ સ્થિત શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરની મૂર્તિઓના ૧૮મા પાટોત્સવ નિમિત્તે ૨૬ એપ્રિલ ૨૦૨૫ના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા સંતો સાથે મુંબઈ પધાર્યા અને ત્રણ દિવસ મુંબઈમાં વિચરણ કરીને તથા મંદિરે સભાઓમાં અદ્‌ભુત સત્સંગલાભ પ્રદાન કર્યો. ૨૯ એપ્રિલના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી તથા સંતો પણ સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી આ ઉત્સવમાં સહભાગી બની સૌને દર્શન-સમાગમનો લાભ આપવા પધાર્યા. સૌ ભક્તોએ ઉત્સાહથી સંતોનાં ભવ્ય સ્વાગત કર્યાં. સાંજે સ્વાગતસભામાં મોટી સંખ્યામાં ભક્તો પધાર્યા અને દીકરા-દીકરીઓએ સ્વાગત ભજન પર નૃત્યભક્તિ અર્પણ કરી. તેમજ મુંબઈ પ્રદેશનાં ભાઈઓ-બહેનોએ પ્રાર્થના રૂપી ભાવ ધર્યા. સદ્‌ગુરુ સંતોએ આશીર્વાદ વરસાવી સૌને ધન્ય કર્યાં.

૩૦ એપ્રિલ ૨૦૨૫ના રોજ સવારે ‘શ્રી ગુરુ આજ્ઞા મહિમા પર્વ’ની ઉજવણી ઉપક્રમે મુંબઈ મંડળના અક્ષરમુક્તો-બ્રિજભાઈ, ધૈર્ય તેજસભાઈ પટેલ, ડૉ. પલ્લવીબહેન ભિરુડ તથા જ્યોત્સનાબહેન દેસાઈએ ગુરુ આજ્ઞા પાળવાથી જીવનમાં આવેલ હકારાત્મક પરિવર્તનની હૃદયસ્પર્શી વાતો કરી. ત્યારબાદ પૂ. મનોજદાસજીએ અદ્‌ભુત આશીર્વાદ વરસાવ્યા અને સંધ્યા આરતીમાં નિત્ય ગવાતા ગોડી પદ-‘સંત સમાગમ કીજે’ની સમજણ આપી. સંધ્યા આરતી બાદ સ્થાનિક અક્ષરમુક્ત બેચરભાઈ દ્વારા આયોજિત કીર્તનવંદનાનો સૌએ આનંદ માણ્યો. વિખ્યાત કલાકાર રેખાબહેન વાળા દ્વારા આ ભક્તિ અર્પણ કરાઈ. તેમની સાથે અનુપમ ભક્તો અમિતભાઈ ઠક્કર, દીપ્તિબહેન દેસાઈ અને દ્યુતિબહેન તથા જયેશભાઈ ગાંધી અને પ્રીતિબહેન ગાંધી દ્વારા પણ ભજન-ભક્તિનું રસપાન કરાવાયું.

૧ મે ૨૦૨૫ના રોજ મંદિરજીના ગર્ભગૃહમાં બિરાજમાન શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ સહિત સૌ સ્વરૂપોના ૧૮મા પાટોત્સવની વિધિ ખૂબ જ ભવ્ય અને હૃદયસ્થ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાની સ્મૃતિ સાથે શાસ્ત્રોકતવિધિ તથા શ્લોકનાં ગાન દ્વારા સંતો દ્વારા કરવામાં આવી. ગર્ભગૃહમાં સદ્‌ગુરુ સંતો, વડીલ સંતો દ્વારા પૂજન-અર્ચન કરવામાં આવ્યાં. પાટોત્સવ વિધિમાં આમંત્રિત અક્ષરમુક્તો તથા મુંબઈ પ્રદેશના અક્ષરમુક્તો સહિત ૨૮ ભક્તોએ યજમાનપદે બિરાજી ધન્યતા પ્રાપ્ત કરી.

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આશીર્વાદ આપતાં ગુરુહરિ સાહેબજી મહારાજે આપેલ ૬ આજ્ઞાને જીવનમાં અમલમાં મૂકવાની વાત ટૅક્નોલૉજીનાં દૃષ્ટાંત આપીને કરી. ત્યારબાદ સદ્‌ગુરુ સંતો-ભક્તોએ શ્રી ઠાકોરજીને પાટોત્સવ આરતી અર્પણ કરી અને શ્રી ઠાકોરજી અને સ્વરૂપોને ૮૬ જેટલાં વ્યંજનોનો અન્નકૂટ અર્પણ કર્યો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોનાં સત્કાર-સ્વાગત કરાયાં. સભામાં પૂ. અશ્વિનદાદાએ આશિષવર્ષા કરી સૌને મહિમામાં રહી ગુરુઆજ્ઞા પ્રમાણે જીવન જીવવાની સમજ આપી. ઈસ્કોન મંદિર, ખારઘરના સ્થાપક, ટ્રસ્ટી અને પ્રમુખ પૂ. સૂરદાસ પ્રભુજી આ પ્રસંગે પધાર્યા અને આશીર્વાદ પ્રદાન કર્યા.

સાંજે અનુપમ સૂરવૃંદના સંતો-ભક્તોએ પાટોત્સવ નિમિત્તે કીર્તનગાન કરી ભક્તિ અર્પણ કરી ભક્તોને બ્રહ્માનંદ કરાવ્યો. સંતોનાં સાંનિધ્યે અને માર્ગદર્શને સ્થાનિક ભક્તોએ અદ્‌ભુત સેવાઓ કરી, સંતોના સમાગમનો લાભ પામી સૌ ધન્ય થયાં. ◆

## યોગી વિદ્યાપીઠનાં ગૌરવ

સંતભગવંત સાહેબજીની કૃપાશિષ અને પ્રેરણાથી સંસ્કારસંપન્ન શિક્ષણ અને કેળવણી આપતી યોગી વિદ્યાપીઠની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓનાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બૉર્ડની પરીક્ષાઓમાં ઝળહળતાં પરિણામ આવ્યાં છે.

*** જ્ઞાનયજ્ઞ વિદ્યાલય-મોગરી :** ધોરણ-૧૦ની બૉર્ડની પરીક્ષાનું ૯૮.૩૦% પરિણામ આવ્યું છે, જેમાં ૧૫ વિદ્યાર્થીઓ A1 ગ્રેડ, ૩૨ વિદ્યાર્થીઓ A2 ગ્રેડ તથા ૩૩ વિદ્યાર્થીઓ B1 ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની બૉર્ડની પરીક્ષાનું ૧૦૦% પરિણામ આવ્યું છે, જેમાં ૧ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ તથા ૯ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવી આણંદ જિલ્લામાં આગવું સ્થાન હાંસલ કર્યું છે.

*** શારદા મંદિર-નડિયાદ :** ધોરણ-૧૦ની બૉર્ડની પરીક્ષાનું ૯૬.૮૩% પરિણામ આવ્યું છે, જેમાં શાળાના ૪૨ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ અને ૫૪ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ હાંસલ કરી સુંદર સિદ્ધિ મેળવી છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની બૉર્ડની પરીક્ષાનું ૯૬.૮૮% અને સામાન્ય પ્રવાહની બૉર્ડની પરીક્ષાનું ૯૮.૪૧% પરિણામ આવ્યું છે.

*** નીલકંઠવર્ણી વિદ્યાલય :** કચ્છ-શિણાય ખાતે અનુપમ મિશન સંચાલિત નીલકંઠવર્ણી વિદ્યાલયના ધોરણ-૧૦ની બૉર્ડની પરીક્ષાનું ૧૦૦% પરિણામ આવ્યું છે.

*** ધારી :** શ્રીમતી વી. પી. જી. ગર્લ્સ હાઈસ્કૂલનું ધોરણ-૧૦ની બૉર્ડની પરીક્ષાનું ૭૨.૭૬% પરિણામ આવ્યું છે.

સંતભગવંત સાહેબજીએ સૌ વિદ્યાર્થીઓ અને સારસ્વતગણને અંતરની શુભેચ્છાઓ પાઠવી પ્રસન્નતાપૂર્ણ આશીર્વાદ પ્રદાન કર્યા છે. ◆